ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૫-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

# ચીન સાથે હાથ મિલાવતાં પહેલાં ચેતવાની જરૂર

ચીન સાથેના બહુચર્ચિત સીમા વિવાદની શાહી સુકાઈ નથી ક્યાં સીધા જ એના વડાપ્રધાન ત્રણ દિવસની ભારતની મુલાકાતે આવી પહોંચ્યા છે એ બાબત આપણા દેશના સત્તાધીશો અને કૂટનીતિજ્ઞો માટે ખૂબ મહત્વની છે. પાડોશી રાષ્ટ્ર તરીકે ચીન સાથે મીઠા સંબંધો જળવાય તે આખા ભારતીય ઉપખંડ અને દક્ષિણ એશિયાની શાંતિ અને સહઅસ્તિત્વ માટે જરૂરી છે. પરંતુ એશિયાના સૌથી બળવાન અને સૌથી મોટું સૈન્ય ધરાવતા આ સામ્યવાદી રાષ્ટ્રને દુનિયામાં સર્વસત્તાધીશ બનવાની ઉમેદ છે. એના રાષ્ટ્રીય પ્રતિક ડ્રેગોનથી આખું વિશ્વ ડરે છે. અમેરિકા જેવા જગત જમાદારને પણ ચીન સાથે ચર્ચા કરતાં અગાઉ બે વાર વિચારવું પડે એવી એની ધાક જામેલી છે. નહેરૂયુગમાં ચીન સાથે સુમેળભર્યા સંબંધોની આલબેલ પોકારાતી રહી; પંચશીલ કરાર પર ચાઉ-ઍન-લાઈએ મોટે ઉપાડે આંખો મીચીને સહી પણ કરી દીધી હતી, પણ એ પછી એણે પીઠ પાછળ ખંજર ભોંકીને પોત પ્રકાશ્યું હતું તે સર્વવિદિત છે. ૧૯૬૨માં ભારતને ઊંઘતું ઝડપીને ચીની લાલ સેનાએ હિમાલય સળગાવ્યો હતો. આપણે બહુ ખરાબ રીતે પરાજિત થયા હતા અને મર્યાદિત સાધન સરંજામ ધરાવતા ભારતીય સૈન્યે ભારે ખુવારી વહોરી હતી. વિશ્વાસઘાતનો શિકાર બનેલા વડાપ્રધાન પંડિત નહેરૂની વિનંતીથી અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ કૅનેડીએ હસ્તક્ષેપ ન કર્યો હોત તો ભારતનો નકશો જ બદલાઈ ગયો હોત એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. ભારત પાસેથી પડાવી લીધેલી લાખો ચોરસ કિ.મી. જમીન હજી ચીનના કબજા હેઠળ છે. આપણી તમામ સરકારો એ લુચ્ચા પાડોશી સાથે સરહદના મુદ્દે ચર્ચા કરવાની પૂરી હિંમત દાખવી શકી નથી. જ્યારે પણ આ બેઉ પાડોશી રાષ્ટ્રોના નેતાઓ એકમેકને મળે છે ત્યારે ફકત સાંસ્કૃતિક આદાન પ્રદાન અને વેપાર-વાણિજ્યની, ધંધા રોજગારની વાતો કરી છૂટા પડતા હોય છે. ચીન બિન્ધાસ્ત આપણા દુશ્મન પાડોશી પાકિસ્તાનને પોરસાવતું રહે છે. એના લશ્કરને શસ્ત્ર સરંજામ અને આધુનિક ટેકનોલૉજીથી સજ્જ કરતું રહે છે. બદલામાં પાકિસ્તાન એને પોતાની સરજમીન પર થાણાં નાખવાની છૂટ આપતું રહ્યું છે. છેલ્લે આખેઆખું વ્યૂહાત્મક મહત્વ ધરાવતું બંદર ચીનને સુપરત કરી દઈ પાકિસ્તાને એને રાજી કર્યું છે. ભારત માટે ચીન અને પાકિસ્તાન બેઉ દુખતી રગો છે. પરંતુ પાડોશી થોડા જ બદલી શકાય છે? આવી વિપરીત સ્થિતિમાં મુકાઈ ગયેલો અને નૈતિક મૂલ્યોને વરેલો દેશ બેઉ ખલનાયકોની રંજાડથી વાજ આવી ગયા છતાં કોઈ પરિણામલક્ષી પગલાં નથી લઈ શકતો તે કમનસીબી છે. છેલ્લે ચીનના સૈન્યે લડાખ વિસ્તારમાં ત્રીસેક કિ.મી. સુધી ઘૂસણખોરી કરી હતી ત્યારે ભારત સરકારે તમામ સ્તરે વિરોધ નોંધાવ્યો હતો. સૈન્ય પણ સક્રિય થયું હતું અને રાજદ્વારી વિવેક પણ કામે લગાડ્યો હતો. આખરે દોલત બેગ ઓલ્ડીમાં તંબૂ ઠોકીને ધરાર ઘૂસણખોરી કરનારા ચીની સૈનિકો પાછા વળ્યા ખરા, પણ સામે એમણે ચુમાર ચોકી ખાતે ભારતીય સૈન્ય એનાં બંકરો છોડી દે એવો આગ્રહ રાખ્યો, જે આપણી સરકારે માન્ય કરવો પડ્યો હતો. ચીન અરૂણાચલ પ્રદેશ પર વર્ષોથી દાવો કરતું રહ્યું છે, એ અવારનવાર ભારતના પાડોશી દેશોને વ્યૂહાત્મક મદદ કરી આંતરરાષ્ટ્રીય સમજૂતીનો ભંગ કરતું રહ્યું છે. ચીન ભારતને ગળી જવાના મનસૂબા સેવે છે. બ્રહ્મપુત્ર નદી પર ભારતને પૂછ્યા વગર જ ડૅમ બાંધી દઈ એણે ભારતને એવી હેસિયત બતાવી દીધી છે. આવા દાંડ પાડોશી સાથે હાથ મિલાવતાં કેટલી સાવચેતી રાખવી પડે તે આપણે વિચારવાનું છે. સલમાન ખુરશીદ મીઠાં મધ આદર્શવાદી નિવેદનો બહાર પાડે અને ભારતના વડાપ્રધાન ચીની નેતા સાથે હસતા મોઢે ફોટા પડાવી દે એથી બે મહાન રાષ્ટ્રો વચ્ચે વણસેલા સંબંધો રાતોરાત સુધરી જવાના નથી. ખરૂં જોતાં ભારતે ચીની વડાપ્રધાન સાથે વર્ષોથી અટવાયેલા સરહદી પ્રશ્નોની વિગતે ચર્ચા કરી એનો બેઉ પક્ષોને માન્ય એવો ઉકેલ આણવાનો પ્રયાસ કરવો જોઈએ. ચીન વિશ્વનું શક્તિશાળી રાષ્ટ્ર બને એ સામે આપણને વાંધો ન હોય પરંતુ એની લુચ્ચાઈ અને દોંગાઈ છોડી એણે સારા પાડોશી તરીકે વર્તવાની ખાતરી આપવી જોઈએ. ફક્ત વેપાર-વિસ્તાર અને સાંસ્કૃતિ આદાન-પ્રધાનથી કશું વળવાનું નથી. બેઉ દેશોની પ્રજા એકમેક પ્રત્યે વિશ્વાસની નજરે જુએ એવા વાતાવરણના નિર્માણ માટે ચીને સ્વેચ્છાએ ભારતનો પચાવી પાડેલો વિસ્તાર છોડી દેવો જોઈએ અને પાકિસ્તાનને વ્યૂહાત્મક રીતે ઉશ્કેરવાની નીતિનો ત્યાગ કરવો જોઈએ.

# ગુજકેટનું પરિણામ જાહેર કરાયું : ૨૨મીએ માર્કશીટ

## મેડિકલ તેમજ પેરા મેડિકલમાં પ્રવેશ માટેની પ્રક્રિયા હવે શરૂ કરાશે : ૨૩મીએ પ્રવેશના નિયમ જાહેર થઈ શકે છે

અમદાવાદ, તા.૨૦

મેડિકલ અને પેરામેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાયેલ ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટનું પરીણામ આજે જાહેર કરી દેવામાં આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓ ૨૨ મે ના રોજ શાળાઓમાંથી ગુજકેટની માર્કશીટોનું વિતરણ કરવામાં આવશે. તો ૨૩મી મે ના રોજ મેડીકલ અને પેરામેડીકલમાં પ્રવેશવાના નિયમો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે ગુજકેટની પરીક્ષામાં ગુજરાત બોર્ડના ૩૭૨૯૧ અને અન્ય બોર્ડના ૨૫૩૪ મળી કુલ ૩૯૮૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૩૯૫૬૭ ઉમેદવારોએ ગુજકેટની પરીક્ષા આપી હતી. મેડિકલ અને પેરા મેડીકલમાં પ્રવેશ માટે ગત તારીખ ૯ મે ના રોજ રાજ્યભરમાં ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. આ ગુજકેટની પરીણામ આજે રાજ્યનાં શિક્ષણ બોર્ડ દ્વારા વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓ ગુજકેટની માર્કશીટ ૨૨મે ના રોજ પોતાના શાળામાંથી મેળવી શકશે. ઉલ્લેખનીય છે કે ગુજકેટના પેપરમાં ચાર માર્કસની ભુલ હોવાનું બહાર આવ્યું હતું. જેને પરિણામમાં સુધારી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ગુજકેટની પરીક્ષામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૩૭૨૯૧ અને રાજ્ય બોર્ડના ૨૫૩૪ મળી કુલ ૩૯૮૨૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેનાંથી ૩૯૫૬૭ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આવી હતી. નોંધપાત્ર છે કે મેડિકલ અને પેરામેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નિટની પરીક્ષા લેવામાં આવી હતી. નિટની મુદ્દે કેટલાક રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ અને ખાનગી કોલેજોએ સુપ્રિમ કોર્ટમાં જાહેર હીતની અરજી કરી હતી. જેના સંદર્ભે સુપ્રિમ કોર્ટે નિટનું પરિણામ જાહેર નહીં કરવાનો વચગાળાનો હુકમ કર્યો હતો. જેનાં કારણે ગુજકેટનું પરિણામ બોર્ડ દ્વારા જાહેર કરાયું છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ ગુજરાત સરકારે મેડિકલ અને પેરામેડિકલમાં ગુજકેટના આધારે પ્રવેશ ફાળવવાનું નક્કી કર્યું હતું. મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવેશ માટે પ્રવેશ સમિતિ દ્વારા આગામી ૨૩મે ના રોજ પ્રવેશ નિયમો જાહેર કરાય તેવી શક્યતા છે. રાજ્ય મેડીકલની ૮૯૫૦ જેટલી બેઠકો ઉપર પ્રવેશ ફાળવવામાં આવનાર છે. મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવેશનાં તમામ નિયમો ૨૩ મે બાદ જ સત્તાવાર જાહેરાત થશે. આ પહેલા ૨૨ મે ના રોજ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ખાતેથી ગુજકેટની માર્કશીટોનું વિતરણ કરવામાં આવશે. ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ પોતાની શાળાઓમાંથી ગુજકેટની માર્કશીટ મેળવી શકશે. જ્યારે અન્ય બોર્ડનાં વિદ્યાર્થીઓને ટપાલ દ્વારા માર્કશીટ મોકલી આપવામાં આવશે.




તારી ગર્લફ્રેન્ડ કહેવડાવે છે... બોલ છુટી જાય તો ચાલશે... પેકટીસમાં કેચ પકડજે પણ આ રૂપિયા... અત્યારે જ...!!

## સ્કૂલ ઓફ એચિવરના ૯૧ વિદ્યાર્થીઓ ગુજકેટમાં ૯૦થી વધુ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના સરગાસણ ગામે આવેલી સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ગુજરાતી માધ્યમનું ગુજકેટનું પરિણામ તાજેતરમાં ઉત્તમ કક્ષાનું આવતા શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ઉદિત કમલેશભાઈ નાઈકે ગુજકેટની પરીક્ષામાં ૧૧૨.૫૦ માર્કસ સાથે ૯૯.૯૩ પર્સન્ટાઈલ રેન્ક મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળાના આચાર્યઓ વધુ વિગતો આપતા જણાવ્યું છે કે, ગુજકેટની પરીક્ષામાં શાળાના ૧૬ વિદ્યાર્થીઓએ ૧૦૦થી વધુ ગુણ પ્રાપ્ત કર્યું છે. જયારે ૧૧ વિદ્યાર્થીઓએ ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યો છે. અને ૯૦થી વધુ પર્સન્ટાઈલ રેન્ક ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૧ છે. ગુજકેટમાં આવું ઉજ્જવલ પરિણામ લાવવા બદલ સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## શિશુવિહારનાં ઉપક્રમે કૌશલ્ય તાલીમ

ચિલ્ડ્રન યુનિવર્સિટીનાં વિદ્યાનિકેતન કેન્દ્રનાં ઉપક્રમે સર્વાંગિણ તાલીમમાં ૧૧૨૬ બાળકોએ તાલીમ લીધી છે. શિશુવિહારમાં સર્વાંગિણ તાલીમ કેન્દ્રનાં ઉપક્રમે પ્રતિવર્ષ યોજાતા વેકેશન તાલીમ શિબિર કાર્યક્રમ અંતર્ગત સવારે ૭ : ૩૦થી રાત્રીનાં ૮ : ૦૦ સુધી ચાલતા વિવિધ ૨૨ કૌશલ્ય તાલીમ વર્ગમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લઈ ચિત્ર, યોગ, ગ્લાસ પેઈન્ટીંગ, મહેંદી, સ્કેટીંગ જેવી તાલીમ લીધી હતી. ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનનાં સહકારથી યોજાતા આ તાલીમ વર્ગનું સંચાલન અનિલભાઈ બોરીચા અને મહિપતભાઈ પરમારે સંભાળેલ.

## લકુલીશ યોગા યુનિ.નો ઉદ્‌ઘાટન કાર્યક્રમ ૨૩મીએ યોજાશે

અમદાવાદ શહેરના એસ.જી. હાઈવે પર આવેલા હિરામણી સ્કૂલ કેમ્પસમાં ૨૩મી મે-૨૦૧૩ના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શુભ હસ્તે લકુલીશ યોગા યુનિવર્સિટીનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાશે. લકુલીશ યોગા યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. દિનેશ અમીને જણાવ્યું છે કે, હિરામણી કેમ્પસમાં ૨૩મી મે ના રોજ સવારે ૧૦ કલાકે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યુનિવર્સિટીનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે. આ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામી રાજશ્રી મુનિજી આશીર્વચન પાઠવશે અને મુખ્ય મહેમાન તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

## ઈજનેરી ફાર્મસીમાં પ્રવેશ માટેની

# બુકલેટ બેંકમાંથી ન મળતા હજારો વિદ્યાર્થીઓ રઝળી પડયાં

### વિદ્યાર્થીઓએ બેંકમાં રૂપિયા ભર્યા પરંતુ બુકલેટ ન મળી માત્ર ફોર્મ અને પીન નંબર જ મળ્યાં

અમદાવાદ, તા. ૨૦

ઈજનેરી ફાર્મસીમાં પ્રવેશ માટે માહિતી પુસ્તિકાનું આજે વિતરણ શરૂ થવાનું હતું જેમાં પંજાબ નેશનલ બેંકમાંથી આ બુકલેટ મેળવવા વિદ્યાર્થીઓ ગયા ત્યારે તેમને બુકલેટ ન આપતા માત્ર ફોર્મ અને પીન નંબર જ આપવામાં આવ્યો હતો. જેના કારણે વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. બેંકના અધિકારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી અને સંઘર્ષ થયો હતો આ અંગે પ્રવેશ સમિતિને ફરિયાદ કરાતા પ્રવેશ સમિતિએ પંજાબ નેશનલ બેંકને નોટીસ આપી આ અંગે ખુલાસો કરવા જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધોરણ-૧૨ પછી ઈજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માર્ગદર્શન મળી રહે તે માટે બુકલેટ વિતરણની વ્યવસ્થા પંજાબ નેશનલ બેક મારફતે કરવામાં આવી હતી. આ બેંકમાં ૩૫૦ રૂ. ભરવાથી બુકલેટ ફોર્મ અને પીન નંબર મળશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

સૂત્રો મુજબ પ્રવેશ સમિતિની જાહેરાત મુજબ આજે પંજાબ નેશનલ બેંકની શાખાઓમાં વિદ્યાર્થીઓ બુકલેટ લેવા માટે ગયા ત્યારે તેમને રૂપિયા ભરવા છતા બુકલેટ આપવામાં આવી હતી નહી માત્ર ફોર્મ અને પીન નંબર જ આપવામાં આવ્યા હતા જેના કારણે વિદ્યાર્થીઓ કફોડી સ્થિતિમાં મુકાયા હતા.

સૂત્રો મુજબ પ્રવેશ સમિતિએ કહ્યું કે, અમે ૩૫૦૦૦ જેટલી બુકલેટ છાપી છે. આ બુકલેટ મેળવી લેવા માટે પંજાબ નેશનલ બેંકને જણાવ્યું હતું પરંતુ શનિવારે પંજાબ બેંકે બુકલેટ મેળવી નહી હોવાથી આ સ્થિતિ સર્જાય છે.

પંજાબ બેંકની જુદી જુદી ૫૦ જેટલી શાખાઓમાં વિદ્યાર્થીઓ બુકલેટ મેળવવા માટે ભારે ઘસારો થયો હતો. બેંકમાંથી રૂપિયા ભરવા છતાં બુકલેટ ન મળતા વિદ્યાર્થીઓ અને બેંકના અધિકારીઓ વચ્ચે ભારે સંઘર્ષ થયો હતો ઘણી જગ્યાએ બોલાચાલી અને ઝઘડા પણ થયા હતા.૨ સૂત્રો મુજબ પ્રવેશ સમિતિની જાહેરાત પ્રમાણે આજે બેંકમાં બુકલેટ લેવા ગયેલા હજારો વિદ્યાર્થીઓ રઝળી પડયા હતા. આ અંગે વિદ્યાર્થીઓએ પ્રવેશ સમિતિને ફરિયાદ કરી હતી. પ્રવેશ સમિતિએ બુકલેટ ન આપવા બાતે પંજાબનેશનલ બેંકને નોટીસ આપી આ અંગેનો ખુલાસો કરવા જણાવ્યું હતું.

## ધો.૧૨ના ૬૦ટકા અને ગુજકેટના ૬૦ટકા મુજબ પર્સન્ટાઈલ રેન્ક કઈ રીતે ગણાશે

અમદાવાદ, તા. ૨૦

આજે જાહેર થયેલ ગુજકેટના પરીણામ પછી મેડિકલ અને પેરામેડિકલમાં જવા માંગતા વિદ્યાર્થીઓએ ધો.૧૨નાં ૬૦ટકા જ્યારે ગુજકેટના ૪૦ટકાના આધારે પર્સન્ટાઈલ રેન્ક મુજબ પ્રવેશ મળશે. ત્યાં પોતાનું મેરીટ આ મુજબ ગણાશે. દરેક વિદ્યાર્થીઓની માર્કશીટમાં પર્સન્ટાઇલ રેન્ક અને ગુણ બંને દર્શાવેલા હશે. જો ધોરણ-૧૨માં વિદ્યાર્થીને ૫૫ માર્ક આવ્યા હોય તો ૫૫X.૬=૩૩ તથા ગુજકેટમાં જો તેને ૪૫ માર્ક આવ્યા હોય તો ૪૫X.૪=૧૮ એટલે કે ૩૩+૧૮=૫૧ તે તેના પ્રવેશ માટેનો મેરીટ મુજબ પર્સન્ટાઈલ રેન્ક ગણાશે.

## એ.એલ. પટેલ કોમર્સ કોલેજમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના એક્રીડીએટેડ સેન્ટરનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૩માં આવેલી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજને તાજેતરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના એક્રીડીએટેડ સેન્ટરની માન્યતા પ્રાપ્ત થતા ગાંધીનગર અને ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓનો તેનો સારો એવો લાભ મળી શકશે.

સમગ્ર ભારતમાં અંદાજે દર વર્ષે ૨ લાખ વિદ્યાર્થીઓ સી.પી.ટી.ની પરીક્ષા આપે છે. જેમાંથી અંદાજીત ૨૦ ટકા વિદ્યાર્થીઓ પાસ થાય છે. દર વર્ષે બે વાર લેવાતી પરીક્ષામાં ગાંધીનગર તથા ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓના વિદ્યાર્થીઓ જોડાઈ શકે અને સારામાં સારૂ માર્ગદર્શન મેળવી શકે તે હેતુથઈ શહેરની મધ્યમાં આવેલી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા એક્રીડીએટેડ સેન્ટર આપવામાં આવ્યું છે. આ એક્રીડીએટેડ સેન્ટરનાં કો-ઓર્ડીનેટર તરીકે પ્રો. સિદ્ધાર્થ પટેલ કમાન સંભાળી રહ્યા છે.

## રશિયામાં શિક્ષણની વિશાળ તકો અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવા ખાસ સેમિનારનું આયોજન

અમદાવાદ, તા. ૨૦

રુસ એજ્યુકેશન દ્વારા અમદાવાદ ખાતો ૧૯મી મે, ૨૦૧૩ના રોજ રશિયન એજ્યુકેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. રશિયાની ટોચની યુનિવર્સિટીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણને લઈ ઉપલબ્ધ વિકલ્પો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવાનો આ સેમિનાર યોજવા પાછળનો ઉદ્દેશ છે. રશિયામાં શિક્ષણને લગતા વિવિધ પ્રશ્નોના ઉકેલો તથા તકો અંગે એક જ સ્થળેથી માહિતી ઉપલબ્ધ બનશે.

આ સુવર્ણ તકનો મહત્તમ વિદ્યાર્થીઓને લાભ મળે તે હેતુ સેમિનારમાં પ્રવેશ માટે કોઈ જ ફી રાખેલ નથી. રશિયાના વાઈસ કોન્સલ શ્રી ડેમિનતેયેવ સેમિનારના મુખ્ય અતિથિ છે અને રશિયામાં મેડિકલ ક્ષેત્રમાં શિક્ષણ અંગે વિદ્યાર્થીઓ તથા માતા-પિતાને તેમની સાથે સીધી વાત કરવાની આ સેમિનારથી તક મળશે. રશિયામાં માન્યતા પ્રાપ્ત મેડિકલ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે એડમિશન અંગે સલાહ આપવામાં આવશે અને સ્થળ પર એડમિશન પણ ઉપલબ્ધ કરાવવામાંઆવશે. કેટલીક સ્કોલરશીપ બેઠકો પણ ઉપલબ્ધ છે. રશિયામાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાની વાત છે તો તે વિશ્વમાં સૌથી અત્યાધુનિક અને શ્રેષ્ઠ છે. ઉચ્ચ ગુણવત્તા ધરાવતા વિજ્ઞાનિકો તથા પ્રોફેસરો આ યુનિવર્સિટીઓમાં ફેકલ્ટીઝ તરીકે જોડાયેલા હોય છે.

# આપણે માતૃત્વની સદાય છડી પોકારીએ છીએ પણ પિતૃત્વ હંમેશાં અસ્પૃશ્ય જ રહ્યું છે...

## ચિંતન સભા

પોપટલાલ પ્રજાપતિ

સ્ત્રી અને પુરૂષ ભલે પ્રકૃતિથી ભિન્ન રહ્યા પણ પરિવારના આ બંને અભિન્ન અંગો છે. પરિવારમાંથી માતા કે પિતા બંનેમાંથી કોઇ એકની બાદબાકી થઇ જાય તો બાળકોનાં ઉછેરમાં રૂકાવટ આવે છે. કાં તો તેઓ લાગણી કે મમતાથી અલિપ્ત રહે છે. કાંતો શિસ્ત અને સંયમથી... માતાના લાડ પ્યાર અને પિતાની શિસ્ત, માતાની મમતા અને પિતાની મક્કમતાના સમન્વય થકી જ બાળકોનું ચારિત્ર્ય ઘડતર થાય છે. પણ સમાજનું સ્ત્રી દાક્ષિણ્ય જુઓ, તેણે હંમેશાં માતૃપ્રેમના જ યશોગાન ગાયા છે. સમાજમાં હંમેશાં માતૃપ્રેમની જ છડી પોકારાય છે. સાહિત્યકારોએ મન મુકીને માતૃત્વ પર કલમો ચલાવી છે પણ પિતૃપ્રેમની સતત અવગણના કરાઇ છે. માતૃત્વ હંમેશા પોરસાતું રહ્યુ છે પણ પરિવારના સંવર્ધન માટે સતત પરિશ્રમ કરતા, વારંવાર ઠોકર ખાઇને પણ અડીખમ રહેતા પિતાના મુંગા ત્યાગની નોંધ લેવામાં સમાજ બે કદમ પાછળ જ રહ્યો છે. પણ હકીકત એ છે કે પિતા વગર માતાનું અસ્તિત્વ શક્ય જ નથી. કોઇકે માતાને ધરતી અને પિતાને આકાશ સાથે સરખાવી તેને ન્યાય આપવા અધકચરો પ્રયાસ કર્યો છે. પણ આ બિલકુલ સત્ય કલ્પના છે. હા, ક્યારેક આકાશમાંથી અગન જવાળા વરસે પણ ક્યારેક ઝરમર વરસીને ધરતીને તે રસભીની પણ કરી મૂકે છે. ધરતી અને આકાશ થકી જ પર્યાવરણની સમતુલા જળવાઇ રહી શકે તેમ છે. તેમ માતૃત્વ અને પિતૃત્વના સુભગ સમન્વય થકી જ પરિવાર મહેંકી ઉઠે છે.

એ સત્ય છે કે સવારમાં ઉઠવાની સાથે 'ચા' થી માંડી રાત્રે સુવાની પથારી કરવાની ચિંતા 'મા' કરે છે. ઘર સફાઇથી માંડી સમયસર રસોઇ કરવાની અને દરેકના ટેસ્ટ જાળવી રાખવાનું કામ તે કરે છે. કાપડની ધોલાઇ કે સિલાઇની તેને ચિંતા હોય છે. ઘરે આવનારનું હસતે મુખે સ્વાગત કરવાની જવાબદારી તે સુપેરે નિભાવે છે. તેના વ્યવહાર થકી જ પરિવારની ઓળખ ઊભી થાય છે. સામાજિક વ્યવહારો સમયસર નીભાવવાં તથા જન્મ મરણના શુભેચ્છા સંદેશ કે શોક પસ્તાવો પહોંચાડવાની તે કાળજી રાખે છે. સૌના મન અને ચિત્તની પ્રસન્નતા માટે તે સતત અટવાયેલી રહે છે. માટે 'મા' સૌને વહાલી લાગે છે. પણ આ બધી વ્યવસ્થા તે સારી રીતે જાળવી શકે તે માટે બે છેડા ભેગા રાખવાની જવાબદારી પિતા પુરી કરે છે. તેને પણ એસી રૂમમાં આરામ ફરમાવવાની ઇચ્છા થાય છે. તેને પણ ઉનાળું વેકેશન કોઇ હીલ સ્ટેશન પર ગાળવાની કે નીત નવી ઊંચી હોટેલોમાં જઇ મિષ્ઠાન્ન જમવાની ઇચ્છા થાય છે. ટુ વ્હીલરમાં ફરી ગરમી કે ઠંડી સહન કરવા કરતાં ફોર વ્હીલરમાં ફરવાની એને પણ ઇચ્છા થાય છે. તેને પણ ડાન્સ પાર્ટી કે બારમાં જઇ મોજ મજા કરવાની ઇચ્છા થાય છે પણ તેમ કરવામાં બાળકોના શિક્ષણમાં રૂકાવટ ઊભી થાય છે. ઉંમરલાયક દીકરી માટે સારૂં ઘર અને સારો વર શોધવાનું ટેન્શન તેની રાતોની નિંદર હરામ કરી નાખે છે. તે હાઇપર ટેન્શનનો દર્દી બને છે. તેનું બી.પી. ક્યારેક વધ-ઘટ થઇ જાય છે. બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે તમામ પ્રકારનીલોન લઇ શિક્ષઇત કરવા છતાં સંતોષકારક નોકરી મળતી નથી કે મુડીનાં વ્યાજ જેટલો પણ પગાર મળતો નથી. તેને પોતાનું ઘર બનાવાનું છે પણ દીકરાઓ માટે પ્રોપર્ટી પણ ઊભી કરવી છે. ઘરમાં કોઇ મોટી બિમારી આવી જાય તો તેને પહોંચી વળવા તે પોતાની તંદુરસ્તી જોખમમાં મૂકે છે. પણ છતાં આ બધી વેદના કોઇને કળાવા દેતો નથી તે મુંગો બની વેઠ્યા કરે છે પરિણામે તેના સ્વભાવમાં ક્યારેક કઠોરતા આવે છે, ક્યારેક કટુતા આવે છે છતાં તેને રોદણાં રડવાની આદત નથી. તેની આંખો ક્યારેક રડતી નથી, રડે છે તો ફક્ત હૃદય... અને માટે જ બાયપાસ સર્જરી કરાવનાર દર્દીઓમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની સંખ્યા વધુ હોય છે. તે વર્તમાનને આનંદથી માણસો નથી પણ પરિવારના ભવિષ્ય માટે વીમાની પોલિસી ભર્યા કરે છે. વર્તમાનમાં થાગડ થીગડ કરી ભવિષ્યને ઉજવળ બનાવવા જી.પી.એફ.માં મોટી કપાવત કરી કરકસરીયુ જીવન જીવે છે. ક્યારેક સામાજિક વિટંબણામાંથી માર્ગ કાઢવા સંઘર્ષ કરતું આ પાત્ર શૂન્ય મનસ્ક બની જાય છે. ક્યારેક એકાંતમાં બેસી પોતાની જાત સાથે સવાલ જવાબ કરી લે છે. આ બધી વિટંબણામાં બાળકો સાથે જરૂરી સંવાદ જાળવી શકતો નથી. પરિવારના સમન્વયમાં ક્યાંક ઉણો ઉતરે છે અને બાળકો સાથે લાડ-પ્યાર કરવાની ફુરસદ મળતી નથી. પરિણામે પિતૃત્વ સૌની લાગણી સાથે સીધો સંપર્ક કરી શકતું નથી. માટે તે અસ્પૃશ્ય રહે છે તેમ કહી શકાય.

સમય આવ્યે ક્યારેક પિતા પણ અદ્‌ભૂત રીતે માતૃત્વને નિભાવી જાણે છે. ગૌરી ખાન કહે છે કે, પિતા તરીકે શાહરૂખ ખાન અદ્‌ભૂત છે. તેનામાં પિતૃત્વ કરતાં માતૃત્વ ભરપૂર માત્રામાં છે. પંડિત જવાહરલાલ નહેરૂએ ઈન્દિરાજીના ઘડતરમાં માતા અને પિતા બંનેનો રોલ ભજવેલો અને દીકરીનું ઘડતર એવું કર્યું કે દેશને લોખંડી મહિલાની ભેટ ધરી. અભિનેત્રી કાજોલ અને ટિવંકલના પ્રસૃતિકાળ દરમ્યાન અને ત્યારબાદ ત્રણ મહિના સુધી અજય દેવગણ અને અક્ષય કુમારે શૂટિંગમાં વેકેશન પાડી બાળકોની સંભાળ રાખેલી. કણ્વ ઋષિએ જંગલમાં રહીને પણ શકુંતલાના ઉછેરમાં તેને માતૃત્વની ખોટ નહોતી આવવા દીધી. ક્યારેક એવું પણ બન્યું છે કે ભરયુવાનીમાં પત્નીનો સાથ ગુમાવનાર પિતા બાળકોના હિત ખાતર બીજા લગ્ન કરવાનું ટાળે છે. અલિ અને પોસ્ટમેનની વાર્તા ખૂબ જાણીતી છે. જીંદગીભર પુત્રીના એક પત્રની આતુરતાથી રાહ જોતો પિતા મૃત્યુ પામે છે ત્યારે અંતિમ ઈચ્છા વ્યક્ત કરે છે કે મારા મૃત્યુ બાદ મારી મરીયમ (પુત્રી)નો કાગળ આવે તો તે મારી કબર પર મૂકજો. અહીં વ્યકત થાય છે પિતાના કઠોર હૃદયના ભીતરની લાગણીભીની વ્યથા.

આચાર્ય રજનીશે તેમના પ્રવચનમાં કહેલું કે, 'હું જ્યારે નાનો હતો ત્યારે મારા પિતા તદ્દન ખોટા છે એમ હું માનતો પણ જયારે મને સમજાયું કે મારા પિતા સાચા છે ત્યારે મારો પુત્ર મને ખોટો ઠેરવવા તૈયાર થઈ ગયો હતો.' આમ પિતા જીવનભર ખોટો બની સંઘર્ષ કર્યા કરે છે તેને જયારે કોઈ સમજે છે ત્યારે એ સમજણની ધન્યતા તે અનુભવી શકતો નથી. જેમ ૯૫ વર્ષે અભિનય સમ્રાટ પ્રાણને દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળે છે ત્યારે તે એવોર્ડ લેવા માટે હાથ પણ લંબાવી શકતા નતી કે તેની સામે નજર પણ માંડી શકતા નથી. આવા એવોર્ડની સાર્થકતા શું?

પિતા જીવન સંધ્યા તરફ પ્રયાણ કરી રહ્યા હોય ત્યારે તેમના કોઇ એક જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી પરિવાર તેમને તેમના જીવનની સાર્થકતાનો એવોર્ડ ન આપી શકે?

**'હું જ્યારે નાનો હતો ત્યારે મારા પિતા તદ્દન ખોટા છે એમ હું માનતો પણ જ્યારે મને સમજાયું કે મારા પિતા સાચા છે ત્યારે મારો પુત્ર મને ખોટો ઠેરવવા તૈયાર થઈ ગયો હતો.'**